Divya Bhaskar
Date: 11/10/2026, Pg. 1

### ખેલૈયા રૂ. 50ની સ્પેશિયલ પેપર ટિકિટ પર મુસાફરી કરી શકશે

# 5મા નોરતાથી રાત્રે 2 સુધી મેટ્રો દોડાવવા વિચારણા, દર 20-30 મિનિટે ટ્રેન મળશે

## મોટા ભાગનાં ગરબા સ્થળો દૂર હોવાથી ધસારો ઓછો રહી શકે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

અમદાવાદ અને ગાંધીનગરમાં નવરાત્રી દરમિયાન પાંચમા નોરતાથી મેટ્રો ટ્રેન રાત્રે 2 વાગ્યા સુધી દોડાવવાની વિચારણા છે. રાત્રે 11 વાગ્યા પછી દર 20થી 30 મિનિટે ટ્રેન મળશે અને રૂ. 50ની સ્પેશિયલ પેપર ટિકિટ માન્ય રહેશે.

જોકે મોડી રાત સુધી સેવા લંબાવાતી હોવા છતાં સામાન્ય દિવસોની સરખામણીએ નવરાત્રીમાં મુસાફરોની સંખ્યા ઓછી રહે છે. સ્ટેડિયમ સહિત અન્ય જગ્યામાં કોઈ ક્રિકેટ મેચ કે મોટો કાર્યક્રમ હોય ત્યારે પાર્કિંગ અને ટ્રાફિકની મુશ્કેલીથી બચવા લોકો મેટ્રોનો ઉપયોગ કરે છે, પરંતુ નવરાત્રીમાં પરિસ્થિતિ અલગ હોય છે. ગણતરીના જ પાર્ટી પ્લોટ કે ગરબા સ્થળો મેટ્રો સ્ટેશનની નજીક અથવા મોટા ભાગના ગરબા ખુલ્લી જગ્યાઓમાં અને છેવાડાના વિસ્તારોમાં યોજાતા હોવાથી ખેલૈયાઓ પોતાનાં વાહનો લઈને જવાનું જ વધુ અનુકૂળ માને છે.

### 2024માં 12.5 લાખ, 2025માં નવરાત્રીમાં 14.20 લાખ જેટલા મુસાફરો નોંધાયા હતા

| | | | |
|---|---|---|---|
| 22 સપ્ટેમ્બર | 1,66,048 | 27 સપ્ટે. | 1,34,286 |
| 23 સપ્ટેમ્બર | 1,58,200 | 28 સપ્ટે. | 89,341 |
| 24 સપ્ટેમ્બર | 1,52,804 | 29 સપ્ટે. | 1,42,146 |
| 25 સપ્ટેમ્બર | 1,52,035 | 30 સપ્ટે. | 1,37,697 |
| 26 સપ્ટેમ્બર | 1,55,126 | 1 ઓક્ટો. | 1,32,375 |

**ઓપરેશનલ ખર્ચ વધવાની સામે આર્થિક ફાયદો ઓછો**

રાત્રે 2 વાગ્યા સુધી સ્ટાફ, વીજળી અને સુરક્ષા પાછળ ઓપરેશનલ ખર્ચ વધી જાય છે. આમ વાહનોના વિકલ્પ અને સ્ટેશનોથી ગરબા સ્થળોના અંતરને કારણે આટલા ખર્ચ સામે મેટ્રોને ખાસ કોઈ આર્થિક ફાયદો થતો નથી.